ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૩૩ ટકા

# શહેરના અગ્રણી કુંવરજીભાઈનું દેહદાન



ગાંધીનગરના સેકટર-૨૨માં રહેતા ૮૩ વર્ષીય કુંવરજીભાઈ અમરસીભાઈ પટેલનું અવસાન થતાં તેમના કુટુંબીજન કિરીટ પટેલની સંમતિથી સ્વર્ગસ્થના દેહનું દાન લેવામાં આવ્યું હતું. દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં મેડીકલ કોલેજના ડૉ. સુદર્શન ગુપ્તા, ડૉ. નિષ્ઠા તથા જુનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યકર દિનેશ દવે, હિતેષ રાવલ, ઉલ્લાસ વોરા તથા ગણપત મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્વર્ગસ્થ કુંવરજીભાઈ પટેલનું ચક્ષુદાન તેમના કુટુંબીજન કિરીટ પટેલની સંમતિથી લેવામાં આવ્યું હતું. સદર કાર્યમાં ડૉ. ગુલામ મુસ્તફા તથા જુનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યકર રાજુ વાઘેલા અને હિતેષ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે સદગતના પરિવારજનો, પટેલ સમાજના આગેવાનો તથા વિવિધ સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા...

# પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી ૮૭૫ કિ.ગ્રા. વેસ્ટ પ્લાસ્ટીક રિસાયકલ કરાયુ

ગાંધીનગર, તા.૮

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી શહેરની આસપાસમાંથી એકત્રીત કરાયેલા વેસ્ટ પ્લાસ્ટીકમાંથી કુલ ૮૭૫ કિ.ગ્રા. પ્લાસ્ટીકનું રીસાયકલબીન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર શહેરની વિવિધ સંસ્થાઓ અનો કંપનીઓના સભ્યો જોડાયા હતા. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું આ પગલું સમાજ અનો પર્યાવરણ માટે સારી બાબત સાબિત થશે.

ગાંધીનગર સહિત સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટીકનો વપરાશ ચિંતાનો વિષય બન્યો છે. આ પ્લાસ્ટીકનો ઉપયોગ કુદરતી સંપત્તિને મોટું નુકશાન પહોંચાડે છે પરિણામે કુદરતી સંપતિમાં પ્રદુષણ વધી રહ્યું છે. આ પ્લાસ્ટીકના વપરાશથી માનવજીવન પર પણ અસર થઈ રહી છે ત્યારે પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા અનેક સંસ્થાઓ કાર્યરત છે.

આ ઝુંબેશના ભાગરૂપે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી કેટલીક સામાજિક સંસ્થાઓ અનો કંપનીઓ જોડાઈ હતી. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી સંસ્થાએ ચ-૦થી કોબા, ઈન્દિરાબ્રીજથી કોટેશ્વર અને શહેરની આસપાસના વિસ્તારોમાં વેસ્ટ પ્લાસ્ટીકનું મોટા પ્રમાણમાં એકત્રીકરણ કર્યું હતું. આ ઝુંબેશમાં ૧૩૦૦ કિલોથી વધુ વેસ્ટ પ્લાસ્ટીક ભેગું કરી નેપ્રા અને ડોલ પ્લાસ કંપનીને આપ્યું હતું. જેમાંથી ૮૭૫ કિલો ગ્રામ પ્લાસ્ટીક રીસાયકલબીન કરવામાં આવ્યું હતું. જયારે ૪૫૯ કિલો કોપ્રોસેસિંગ કરાયું હતું. આ અભિયાનમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કે.સી. મિસ્ત્રી રીજનલ ઓફીસર વાંકાણી, દિપાલીબેન ટાંક સહિત સામાજિક સંસ્થાના સભ્યો જોડાયા હતા.

## @ગાંધીનગર

● વસાહત મહામંડળ દ્વારા સવારે ૯ કલાકે મૃતકોના આત્માની શાંતિ માટે સેક્ટર-૩૦ અંતિમધામમાં પ્રાર્થનાસભા યોજાશે. જેમાં મૃતકોના સગાઓને જોડાવા અપીલ કરવામાં આવી છે.

● પૂજન ડાન્સ એકેડમીમાં તાલીમ લઈ રહેલા બાળકો ગાંધીનગર ટાઉનહોલમાં રાત્રે ૮ કલાકે કલા પ્રદર્શિત કરશે.

## આજે સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૮

કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિરના ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે આજે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૪૮, ચંદ્રલોક, વાવોલ ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે. ગીતા વ્યાસ પરિવાર દ્વારા સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌ નગરજનોને પધારવા વ્યાસ પરિવાર દ્વારા જણાવાયું છે.

## પંચદેવ મંદિરે 'કેરી મહોત્સવ' યોજાશે

ગાંધીનગર, તા. ૮

શહેરના સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે ૧૦મી જુને રવિવારે જયેષ્ઠ વદ અગિયારસના દિવસે સાંજે ૫.૩૦ થી રાત્રે ૯ કલાક સુધી 'કેરી મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. કેરી મહોત્સવનું આયોજન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિત શેઠ દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૦મી જુનથી પંચદેવ મંદિર ખાતે જનસેવા સમિતિ દ્વારા 'ખિચડી'ના પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. પ્રસાદ વિતરણનો શુભારંભ અમિત શેઠના હસ્તે કરવામાં આવશે.

# સિવિલને નવા સુપ્રિટેન્ડન્ટ ટુંક સમયમાં મળશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટ અને મેડીકલ કોલજના ડીન બંન્ને મહત્વના હોદ્દા ચાર્જમાં ચાલી રહ્યા છે. ત્યારે જીએમઈઆરએસ દ્વારા સિવિલ સુપ્રિટેન્ડન્ટની ૩ અને ગાંધીનગર મેડીકલ કોલેજના ડીનની ૧ જગ્યા માટે અરજી મંગાવવામાં આવી હતી. જેમાં ડીન માટે ૧૫ અરજી અને સિવિલ સુપ્રિટેન્ડન્ટ માટે ૧૩ અરજી આવી છે. હાલમાં જીએમઈઆરએસના સીઈઓ રજા પર છે ત્યારે ઉચ્ચકક્ષાએથી આ જગ્યા ભરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. જેને પગલે ગાંધીનગર મેડીકલ કોલેજ અને સિવિલમાં ગતિવિધી તેજ થઈ જવા પામી છે. ત્યારે આગામી દિવસોમાં સિવિલમાં નવા સુપ્રિટેન્ડન્ટ આવે તેની રાહ જોવાઈ રહી છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજના ડીન માટે તેમજ ગોત્રી, વડનગર અને ગાંધીનગરની સિવિલમાં સુપ્રિટેન્ડન્ટની પોસ્ટ છેલ્લા ઘણા સમયથી ખાલી છે અને ચાર્જમાં ચાલી રહી છે. જેને પગલે જીએમઈઆરએસ તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી. બંન્ને પોસ્ટ માટેની અરજીઓ આવી ગઈ છે અને સ્ક્રુટીની કરવાની બાકી છે. ત્યારે ઉપરથી ઉચ્ચકક્ષાએથી સતત આ જગ્યાઓ ભરવા માટે દબાણ આવી રહ્યું છે. ત્યારે જીએમઈઆરએસના સીઈઓ રજા પર છે ત્યારે સીઈઓની પોસ્ટ પણ હાલના સમયે તો ચાર્જમાં છે ત્યારે આગામી ટુંક સમયમાં ગોત્રી, વડનગર અને ગાંધીનગર સિવિલને નવા સુપ્રિટેન્ડન્ટ મળશે તેમજ ગાંધીનગર મેડીકલ કોલેજને નવા ડીન પણ મળે તેવી શકયતાઓ પ્રબળ બની જવા પામી છે. હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને જીએમઈઆરએસની ઓફિસમાં ગતિવિધી તેજ કરી દેવાઈ છે. ત્યારે મેડીકલ કોલેજના નવા ડીન અને સિવિલ સુપ્રિટેન્ડન્ટ કોણ બનશે તેની ચર્ચાઓ હાલના સમયે તો કેમ્પસમાં ચાલી રહી છે. ત્યારે આગામી ટુંક સમયમાં જીએમઈઆરએસ તંત્ર દ્વારા ડીન અને ત્રણ હોસ્પિટલ માટે સુપ્રિટેન્ડન્ટની જગ્યા પર લાયકાત ઉમેદવારોને મુકી દેવામાં આવશે તેવી અટકળો તેજ બની જવા પામી છે.

## ધો-૧૦ અને ધો-૧૨ ની પુરક પરીક્ષા જુલાઈ માસમાં લેવાશે

ગાંધીનગર,તા. ૮

રાજયના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પુરક પરિક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ધોરણ-૧૦ માં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરિક્ષા આગામી તા, ૬, ૭, ૮ અને ૯ જુલાઈના રોજ લેવામાં આવશે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરિક્ષા તા. ૯ જુલાઈના રોજ લેવામાં આવશે. જયારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી તા. ૬, ૭, અને ૮ જુલાઈના રોજ યોજાશે.

# ચરેડી ફાટક પાસે કારચાલક બિયરની પેટી સાથે પકડાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક ચરેડી પાસેથી એક શખ્સ એસેન્ટ ગાડી લઈને નીકળી રહ્યો છે અને તેને ગાડીમાં બિયરનો જથ્થો છે તેવી બાતમીના આધારે ગાંધીનગર એસઓજીની ટીમે વોચ ગોઠવી આ શખ્સને પકડી પાડયો છે. અમદાવાદના શખ્સની પાસેથી એક પેટી બિયરનો જથ્થો મળી આવ્યો હતો. એસ.ઓ.જી.ની ટીમે બિયરની પેટી સહિત કાર કબજે લઈ ચાંદલોડિયા ના શખ્સની ધરપકડ કરી તેને પૂછપરછ શરૂ કરી છે.



ગાંધીનગર એસઓજી પીઆઈ પરેશ સોલંકીની સૂચનાથી તેમની ટીમ દારૂ બિયરની હેરાફેરી કરતાં શખ્સોની બાતમીઓ મેળવી તેમને પકડવા સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદનો એક કારચાલક તેની એસેન્ટ ગાડી લઈને ગાંધીનગર પાસેના ચરેડી પાસેથી પસાર થઈ રહ્યો છે. તેની અસર ગાડીમાં બિયરની બોટલો ભરેલી પેટી છે. જે બાતમી આધારે એસ.ઓ.જીની એક ટીમ ચરેડી પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી અને મોડી સાંજે ત્યાંથી પસાર થયેલી આ બાતમીવાળી કાર પકડી પાડી હતી. કારમાં તપાસ કરતા અંદરથી એક પેટી બિયરની બોટલો મળી આવી હતી. ૧૨ નંગ બિયરની બોટલો સાથે અમદાવાદના ચાંદલોડીયા વિસ્તારમાં રહેતા દીપક રામલાલજી મીણા નામના શખ્સની એસ.ઓ.જી.ની ટીમે ધરપકડ કરી લીધી હતી. રૂ.૧૨૦૦ ની કિંમતની બીયર અને એક લાખની કિંમતની કાર મળી કુલ રૂ.૧.૦૪ લાખના મુદામાલ સાથે આરોપી દીપકની ધરપકડ કરી એસ.ઓ.જી એ વધુ પૂછપરછ શરૂ કરી છે.

# રાયસણમાંથી દારૂ ભરેલી બિનવારસી રિક્ષા મળી આવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક રાયસણ ગામમાં આવેલા પંડિત દિન દયાલનગરના ગુડાના મકાનોના ખુલ્લા પાર્કિંગમાં થોડાક દિવસથી પડેલી બિનવારસી રિક્ષામાં વિદેશી દારૂની બોટલો પડી હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે રેડ કરી આ રીક્ષા પકડી પાડી હતી બિનવારસી રીક્ષામાંથી એક પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ મુદ્દામાલ જપ્ત કરીને એલસીબીએ બુટલેગરો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.



ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની સૂચનાથી તેમની ટીમ વિદેશી દારૂની હેરાફેરી તથા જુગારની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી રહી છે દરમિયાન આજે સવારે એ.એસ.આઈ પુનમભાઈ તથા તેમની ટીમ રાયસણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ વિપુલને બાતમી મળી હતી કે રાયસણ સ્થિત ગુડાના મકાનોમાં બ્લોક એ તથા એચ બંનેની વચ્ચેની ખાલી જગ્યામાં એક બિનવારસી રિક્ષા પડી રહી છે. જેમાં વિદેશી દારૂ સંતાડવામાં આવેલો છે. એલસીબીની ટીમે સ્થળ પર જઈ જીજે૧ ડી.વાય.૦૬૪૦ નંબરની બિનવારસી પડેલી રીક્ષા તપાસતા અંદરથી ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. એલસીબીની ટીમે દારૂની બોટલ અને બિનવારસી રિક્ષા જપ્ત કરી આ માલ કોનો છે તેના સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

# સહયોગ મંડળના હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૮

સહયોગ મંડળ ગાંધીનગરના વર્ષ ૨૦૧૮-૨૦૨૦ના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે બહેચરભાઈ પી. પ્રજાપતિ, ઉપપ્રમુખ તરીકે રતિલાલ સુથાર, મંત્રી તરીકે કિરીટસિંહ વાઘેલા, સહમંત્રી તરીકે ડી.એમ. પરમાર, ખજાનચી તરીકે દિલિપસિંહ રાજપૂત, સહ ખજાનચી તરીકે શૈલેષભાઈ ખરાડી, ઓડીટર તરીકે અતુલ બક્ષી, ખરીદ સમિતિના ચેરમેન તરીકે દશરથ પટેલ, ખરીદ સમિતિના સભ્ય સચિવ તરીક ગીરીશભાઈ પટેલ, કારોબારી સભ્ય તરીકે વાલજીભાઈ ચૌધરી, કારોબારી સભ્ય તરીકે ગોંવિદભાઈ ભાવસાર, કો. કારોબારી સભ્ય તરીકે સુકેતુ મહેતા, તેમજ ગાંધીનગરના મુખ્ય સલાહકાર તરીકે ભગુભાઈ.એ. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# જિલ્લાની શાળાઓમાં યોગ શિબિર યોજાશે

રાજય સરકારનો કોઈપણ કાર્યક્રમ હોય વિદ્યાર્થીઓ અને શિક્ષકો વિના તે સફળ રીતે પૂર્ણ થઈ શકતો નથી ત્યારે યોગદિનમાં ભારે ભીડ લાગે તે માટે વિદ્યાર્થીઓનો પણ આ યોગ દિવસે ઉપયોગ કરવામાં આવનાર છે. તા.૨૧મી જુનને વિશ્વ યોગ દિન છે ત્યારે તે અગાઉ તા. ૧૪ થી ૨૦ જુન દરમિયાન ગાંધીનગર જિલ્લાની તમામ શાળામાં યોગ શિબિર યોજવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ આજે શાળાના આચાર્યો સાથેની બેઠકમાં આદેશ કર્યો છે. વિશ્વ યોગ દિવસે યોગ્ય યોગ થાય તે માટે શાળાના શિક્ષકોને પણ ખાસ ટ્રેનર દ્વારા તાલિમબધ્ધ કરવામાં આવનાર છે. દરેક શાળાના એક - બે શિક્ષકોને બે દિવસીય તાલીમમાં મોકલવામાં આવશે.

## રાજપૂત મહિલા સેવા દ્વારા વિશ્વ વિધવા મહિલા દિનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૮

સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આગામી ૨૩મી જૂનના રોજ સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે વિશ્વ વિધવા મહિલા દિવસની ઉજવણી કરવામાં આવશે.

રાજયમાં પહેલીવાર સમસ્ત રાજપૂત વિશ્વ મહિલા દિવસની આ રીતે ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે ગંગા સ્વરૂપ મહિલાઓ આર્થિક સામાજિક રીતે પગભર થાય અને સમાજમાં માનભેર જીવન જીવી શકે તથા ખાસ કરીને રાજપૂત સમાજની વિધવા મહિલાઓ માટે વિવિધ યોજનાઓની માહિતી અને સમજણ આપવામાં આવશે. શહેર તેમજ જિલ્લાની ગંગા સ્વરૂપ વિધવા તેમજ અન્ય મહિલાઓને હાજર રહેવા માટે સંસ્થાના પ્રમુખ બિના બા શંકરસિંહ રાણાએ અનુરોધ કર્યો છે.

# ઉવારસદમાં દસ ઈંટોના ભઠ્ઠાને કારણદર્શક નોટિસ

## હવામાં પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદ હેઠળ હવા અધિનિયમ અંતર્ગત કાર્યવાહી કરાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના ઉવારસદ ગામે હવામાં પ્રદૂષણ ફેલાવતા ૧૦ ઈંટોના ભઠ્ઠા પર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરીએ કાર્યવાહી કરી હતી અને તમામે તમામ ભઠ્ઠાના સંચાલકોને કારણ બતાવો નોટીસ ફટકારી છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કાર્યવાહીથી અન્ય ઈંટોના ભઠ્ઠાના સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં શહેરીકરણ રોકેટ ગતિથી થઈ રહ્યું છે. શહેરીકરણને પગલે ધીમે ધીમે ધંધા-ઉદ્યોગનો પણ વ્યાપ વધી રહ્યો છે. પરિણામે સ્વચ્છ અને શુધ્ધ હવાના શહેર તરીકે ઓળખાતા ગાંધીનગરમાં પણ હવામાં પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. જો કે અન્ય શહેરોની સરખામણીએ ગાંધીનગર શહેરમાં હવાનું પ્રદૂષણ નહીવત છે.

ગાંધીનગર શહેરમાં શહેરીકરણ થતાંની સાથે જ ઉદ્યોગ ધંધાનો ફેલાવો થઈ રહ્યો છે ત્યારે ગાંધીનગરના ઉવારસદ ગામે ઈંટોના ભઠ્ઠા પણ ખૂબ મોટી સંખ્યામાં કાર્યરત છે. આ ધમધમતા ઈંટોના ભઠ્ઠા દરરોજ મોટા પ્રમાણમાં આકાશમાં ધૂમાડો છોડી વાતારવણમાં ભારે પ્રદૂષણ ફેલાવે છે. આ પ્રદૂષણથી સ્થાનિક રહીશોને આંખ અને શ્વાસના ગંભીર રોગો થવાની સંભાવના બની રહે છે ત્યારે આવા પ્રદૂષણ ફેલાવતા ૧૦ ઈંટોના ભઠ્ઠા પર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરીએ કાર્યવાહી કરી કારણદર્શક નોટીસ ફટકારી છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કાર્યવાહીથી અન્ય ઈંટોના ભઠ્ઠાના સંચાલકોમાં ફફડાટ ફેલાવા પામ્યો છે.

# ગાંધીનગર ડેપોમાં સન્માન સમારોહ યોજાયો



ગાંધીનગર ડેપોમાં શુક્રવારના રોજ ડેપોમાં કામ કરતા કર્મચારીઓ પૈકી શ્રેષ્ઠ ડ્રાયવર, શ્રેષ્ઠ કડંકટર અને શ્રેષ્ઠ મિકેનિકને સન્માનવાનો એક સુંદર સમારોહ યોજાઈ ગયો. જેમાં વિભાગીય નિયામક એ.કે. પરમારના હસ્તે શ્રેષ્ઠ ડ્રાયવર તરીકે એસ.એ. રાઠોડ, શ્રેષ્ઠ કડંકટર તરીકે ડી.એમ. પરમાર અને શ્રેષ્ઠ મીકેનીક તરીકે રાહુલ સી. પરમારને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ડેપો મેનેજર કીર્તનભાઈ પટેલ તથા એસ.ટી. વિભાગીય સલાહકાર સમિતિના સભ્ય કેયુરભાઈ પટેલ હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં હાજર રહેલા કર્મચારીઓને અધિકારીઓએ માર્ગદર્શન પુરું પાડી પોતાની ફરજ પ્રત્યે પુર્ણ નિષ્ઠા અપનાવવા જણાવ્યું હતું. આ સમારોહના ભાગરૂપે અધિકારીઓ અને કર્મચારીઓએ સંયુકત રીતે વૃક્ષારોપણ કરી પર્યાવરણની જાળવણીનો શુભ સંદેશ પણ પુરો પાડયો હતો.

# અક્ષરધામમાં વેકેશન દરમિયાન મુલાકાતીઓનો ધસારો

ગાંધીનગર, તા.૮

શહેરમાં આવેલું સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર રાજયભરના નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌથી મોટું મંદિર ગાંધીનગર ખાતે આવેલું છે તેમજ રાજયભરના નાગરિકો માટે પ્રવાસન સ્થળ તરીકે પ્રચલિત બન્યું છે. પ્રતિ વર્ષ હજારો પરિવારો તથા વિદ્યાર્થીઓ મંદિરની મુલાકાત લે છે ત્યારે આ વર્ષે આશરે અઢી લાખ મુલાકાતીઓથી રજાના માહોલ દરમિયાન મંદિરમાં ધસારો વધ્યો છે.

ગુજરાતની જનતા હરવા-ફરવા તેમજ ખાવાની શોખીન છે. ગુજરાતીઓ ફરવા માટે ગમે તે રીતે સમય કાઢી જ લેતા હોય છે. ખાસ કરીને વેકેશનના સમયગાળા દરમિયાન ગુજરાતીઓ આવા અવસર ખાસ ચૂકતા નથી. શહેરમાં



સેકટર-૨૦માં આવેલું અક્ષરધામ મંદિર ફાઉન્ટેઈન-શો થકી ખાસ પ્રચલિત બન્યું છે. આ ઉપરાંત, વિશિષ્ટ કલાકૃતિઓવાળું મંદિર પરિસર તથા બાળકો માટેની વિવિધ રાઈડસ પણ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ચાલુ વર્ષે રાજયભરની વિવિધ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ અક્ષરધામના પ્રવાસે આવે છે. અક્ષરધામનું ખાણીપીણી બજાર તથા ખરીદી બજાર પણ દર્શનાર્થીઓમાં ખાસ્સું લોકપ્રિય છે. આ વર્ષે એપ્રિલ-મે માસ દરમિયાન અક્ષરધામ મંદિર ખાતે અંદાજે અઢી લાખથી વધુ શ્રધ્ધાળુઓની સંખ્યા નોંધાઈ છે, જે ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળો કરતાં ઘણી જ વધારે છે. અક્ષરધામ મંદિરની પ્રતિ વર્ષ દેશ સહિત દુનિયાભરના ભાવિકો મુલાકાત લે છે.

તાજેતરમાં તો આ અક્ષરધામની ભવ્યતા નિહાળવા ખુદ કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો પોતાના પરિવાર સાથે આવી પહોંચ્યા હતા અને મંદિરની કલાકૃતિ અને સૌંદર્ય નિહાળતા જ રહી ગયા હતા. આ ઉપરાંત અનેક હસ્તીઓ મુલાકાતે આવતી રહી છે. જે મંદિર અને ગાંધીનગર માટે આનંદની વાત છે.

# ગૃહ વિભાગમાં ફરજ બજાવતા વાયરલેસ પી.એસ.આઈના ઘરમાં ધોળે દિવસે ચોરી

ગાંધીનગર, તા.૮

નવા સચિવાલય ખાતે હોમ ડિપાર્ટમેન્ટમાં આઈ.ટી વિભાગમાં ફરજ બજાવતા વાયરલેસ પી.એસ.આઈના ઘરમાં ધોળે દિવસે તસ્કરોએ ખાતર પાડયુંહતું. શહેરના સેક્ટર-૨૦ ખાતે આવેલા તેમના ઘરને તસ્કરોએ ધોળે દિવસે નિશાન બનાવી દરવાજાના તાળા તોડી નાખ્યા હતા. મકાનમાં ઘુસી તસ્કરો તિજોરીમાંથી રૂપિયા ૪૫ હજારની કિંમતના સોનાના દાગીનાની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે વાયરલેસ પી.એસ.આઈ.ની ફરિયાદને આધારે સેક્ટર-૨૧ પોલીસે દિવસની ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૨૦માં આવેલા ચર્ચની સામે બ્લોક નંબર ૩૭/૬ ખાતે રહેતા દીક્ષિતભાઈ વિનુભાઈ ગામીત નવા સચિવાલયના બ્લોક નંબર-૧ હોમ ડિપાર્ટમેન્ટમાં આઈ.ટી વિભાગમાં વાયરલેસ પીએસઆઈ તરીકે ફરજ બજાવે છે. તેમના પત્ની બાલાસિનોર ખાતે શિક્ષિકા તરીકે સેવા આપે છે જ્યારે તેમના બહેન કોલેજમાં અભ્યાસ કરે છે. ગઈ કાલે સવારે પત્ની પોતાના પિયરે, બહેન કોલેજે અને પી.એસ.આઈ ગામીત પોતાની ઓફિસે ગયા હતા. દિવસ ભર તેમનું મકાન બંધ રહ્યું હતું અને સાંજે પાંચેક વાગ્યાના અરસામાં બહેન કોલેજથી ઘરે પરત આવી ત્યારે જોયું તો તેમના મકાનના દરવાજાનું તાળું તુટેલું હતું અને દરવાજો ખુલ્લો હતો. ઘરમાં જઈને તપાસ કરે તો તિજોરીનો સામાન બહારની સાઈડ ખુલ્લો વેરવિખેર હાલતમાં પડ્યો હતો. દિવસ દરમિયાન કોઈ પણ સમયે તસ્કરો તેમના ઘરમાં ઘૂસી ગયા હતા અને તિજોરીમાંથી સોનાની ચેઈન, સોનાનું મંગળસૂત્ર અને સોનાની એક જોડી બુટ્ટી ઉઠાવી તસ્કરો પલાયન થઈ ગયા હતા. રૂ. ૪૫ હજારની કિંમતના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયેલા અજાણ્યા તસ્કરો સામે પી.એસ.આઈ ગામિતે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ડોગ સ્ક્વોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતોની ટીમ બોલાવી તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. અનીતા અશોક અગ્રવાલ, ઉ.વ. ૫૪
- સ્વ. બીપીનભાઈ અશોકભાઈ ઠાકર, ઉ.વ. ૩૯
- સ્વ. સજનબા લક્ષ્મણસિંહ વાઘેલા, ઉ.વ. ૮૫

ટચુકડી જાહેર ખબર દર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧